Statement of Research

## મૌલિક સંશોધનનું નિવેદન

પશ્ચિમમાંથી આપણે ત્યાં જાણીતા થયેલા વિવેચનના વિવિધ અભિગમોમાંથી કૃતિનિષ્ઠ, રૂપરચનવાદી, પ્રકારનિષ્ઠ જેવા અભિગમો વિષે સૈદ્ધાન્તિક તેમજ વિનિયોગાત્મક એમ બંને પ્રકારનું કાર્ય સારા એવા પ્રમાણમાં થયું છે, સંરચનાવાદી અભિગમ વિષે એ બંને પ્રકારનું કેટલુંક કાર્ય થયું છે; તો ચૈતન્યવાદી, માર્ક્સવાદી, ભાવનલક્ષી જેવા અભિગમો વિષે માત્ર થોડું સૈદ્ધાન્તિક ચર્ચાના પ્રકારનું જ કાર્ય થયું છે. વિશેષત: સ્વાતંત્ર્યોત્તર કાળમાં આપણને વિદિત થયેલા અભિગમોમાંના એક એવા ભાષાલક્ષી અભિગમ વિશે આપણા ગણતર તદ્વિદોએ ક્યાંક પુસ્તકાકારે અને ક્યાંક છૂટાછવાયા લેખો રૂપે ઉલ્લેખપાત્ર કાર્ય કર્યું છે. અહીં એ અભિગમને તેના સર્વ મુખ્યગૌણ, આનુષંગિક, સંબંધિત મુદ્દાઓ સહિત સાદ્યંત સર્વાંગસંપૂર્ણ સિદ્ધાન્તનિરૂપણ કરવાનો મારી નમ્ર માન્યતા મુજબ પહેલીવાર પ્રયત્ન થયો છે. આ અન્વયે મહાનિબંધના પ્રથમ, ''નવીકરણ', 'સમાંતરતા' અને 'વિચલન'– સિદ્ધાન્તચર્ચા' પ્રકરણમાં સોસૂર, લીચ, લેવિન, યાકોબ્સન, હાવ્રાનેક, રિચાર્ડ્સ, મુકારોવ્સ્કી, શ્ક્લોવ્સ્કી, વિલિ વાન પિયર, કેટી વોલ્સ, રેનેટ બાર્શ વગેરે વિદ્વાનોની તદ્‌વિષયક વિચારણાને આધારે 'નવીકરણ', 'સમાંતરતા' અને 'વિચલન'ના વિભાવો ઉપરાંત 'રૂઢિ', 'ગણક', 'ક્રમક', 'ભાષાતંત્ર', 'વાણી' વગેરેના વિભાવો પણ વીગતે સ્પષ્ટ કરવામાં આવ્યા છે. આ ચર્ચા અંતર્ગત 'પદાર્થશબ્દ', 'વિભાવનાશબ્દ', 'સંકેત', 'સંકેતક', 'સંકેતન', 'ગૌણિકતા', 'ક્ષમતા', 'ગ્રંથિસ્થાન', 'અચલક', 'ચલક', 'તુલનાક્ષમ સંતુલ્યતા', 'સ્થાનગત સંતુલ્યતા', 'આંતરિક વિચલન', 'બાહ્ય વિચલન', 'સંખ્યાકીય વિચલન', 'નૈશ્ચયિક વિચલન', 'સંવાદિતા', 'ગ્રંથિસ્થાન', 'મૃત વિચલન' વગેરે જેવા પારિભાષિક શબ્દોની સમજૂતી પણ રજૂ કરવામાં આવી છે. ભાષાના સ્વરૂપની અને ભાષાનાં કાર્યોની ચર્ચા પણ અહીં વીગતે કરવામાં આવી છે, તો 'વિપરિચાયન', 'સ્વયંપ્રવર્તન', 'નિસ્વયંપ્રવર્તન' વગેરે જેવી ભાષાકીય પ્રક્રિયાઓની પણ છણાવટ અહીં કરવામાં અવી છે. 'રોજિંદી વાણી' અને 'સર્જનાત્મક વાણી'ના સ્વરૂપને પૃથગ્પણે ચર્ચીને અહીં 'નવીકરણ'ની પ્રયુક્તિની વિશદ ચર્ચા કરી છે. 'નવીકરણ'નો વિભાવ સ્પષ્ટ કર્યા બાદ નવીકરણ યોજવા માટે કવિઓ દ્વારા વિનિયોજાતી 'સમાંતરતા' અને 'વિચલન'ની પ્રયુક્તિઓની એના પ્રકારો સહિત સદૃષ્ટાંત ચર્ચા કરી છે. આપણે ત્યાં આ વિષયની જે સિદ્ધાન્તચર્ચા થઇ છે તેમાં એક યા બીજા નામે વિચલનની ચર્ચા થઇ છે, પરંતુ સમાંતરતાના વિભાવની એના સર્વ પાસાંઓ સહિત સંપૂર્ણ ચર્ચા આપણે ત્યાં ક્યાંય પણ થઇ હોવાનું જણાતું નથી.

અહીં એ વિભાવોની તેનાં સર્વ પાસાંઓ સહિત સંપૂર્ણ ચર્ચા પ્રથમવાર પ્રસ્તુત થઇ છે. 'સમાંતરતા'નો વિભાવ ઉપસાવવામાં ગુજરાતી ભાષામાં થયેલા સમાંતરતાના પ્રયોગોને લક્ષમાં લેતાં, લેવિને દર્શાવેલી ધ્વનિગત સંતુલ્યતા, સંરચનાગત સંતુલ્યતા વગેરે પ્રકારની સંતુલ્યતાઓ ઉપરાંત શબ્દફેર વિના પરંતુ અર્થફેર સાથે પુનરાવૃત્ત થતી પંક્તિઓ દ્વારા સધાતી સમાંતરતાની ચર્ચા કરવાનું પણ પ્રાપ્ત થયું છે.

આ મહાનિબંધમાં નિર્ધારિત વિષયના અભ્યાસ માટે લીચના વિચલનના પ્રતિમાનનો સ્વીકાર કર્યો છે, પરંતુ એનું પ્રતિમાન અંગ્રેજી ભાષાના ઉપયોગને ધ્યાનમાં લઇને તૈયાર થયેલું છે, જ્યારે અહીં જે કવિઓની કવિતાનો અભ્યાસ કરવાનું સ્વીકાર્યું છે તેમની કાવ્યભાષા તો ગુજરાતી છે અને ગુજરાતી ભાષાની લાક્ષણિકતાઓ અંગ્રેજી ભાષાની લાક્ષણિકતાઓ કરતાં કેટલીક બાબતોમાં ભિન્ન છે. આથી અહીં નિર્ધારિત વિષયના અભ્યાસ માટે લીચના પ્રતિમાનને યથાવત્ સ્વીકારવાનું મુનાસીબ લાગ્યું નહીં તેથી ગુજરાતીની પ્રકૃતિને અને આપણી કવિતામાં થયેલા આપણી ભાષાના પ્રયોગને લક્ષમાં લઇને લીચના પ્રતિમાનમાં જરૂરી સુધારાવધારા કરીને આપણી કાવ્યભાષા માટે આવશ્યક એવું પ્રતિમાન ઉપજાવી લેવામાં આવ્યું છે. આમ કરવામાં લીચના ધ્વનિગત વિચલન, શબ્દગત વિચલન, વ્યાકરણગત વિચલન, અર્થગત વિચલન, બોલીગત વિચલન, રજિસ્ટરગત વિચલન, ઐતિહાસિક વિચલન અને લેખનગત વિચલનના પ્રકારો ધરાવતા પ્રતિમાનમાં અનુક્રમે શાબ્દિક વિચલન અંતર્ગત નવરચનાગત ઉપરાંત શબ્દાંગગત અને વિભાષીય શાબ્દિક વિચલનના પેટાપ્રકારો યોજવામાં આવ્યા છે, વ્યાકરણગત વિચલન અંતર્ગત અન્વયગત વિચલન ઉપરાંત શબ્દકોટિગત વિચલનનો પ્રકાર ઉમેરવામાં આવ્યો છે અને ઐતિહાસિક વિચલનની સમાંતરે વિભાષીય વિચલનનો પ્રકાર યોજવો પડયો છે, તો છંદોગત વિચલનનો પણ નવો પ્રકાર ઉમેરવો જરૂરી થયો છે.

સુંદરમ્‌ની કવિતામાં કાવ્યોચિત બાનીનું રૂપ આપવા માટે મહદ્‌શે કાવ્યપ્રયુક્ત શબ્દભંડોળગત વિશેષતાઓ સર્વાધિકપણે કારણભૂત છે. તેથી તેમની કવિતામાંનાં નવીકરણસાધક તત્ત્વો તરીકે શાબ્દિક નવરચનાગત વિચલનો, શબ્દકોટિગત વિચલનો, અપ્રચલિત-અલ્પપ્રચલિત તત્સમોના ધ્યાનાકર્ષક પ્રયોગો, તત્સમોના રૂઢિથી ફંટાઇને થયેલા મૂળવત્ કે મૂળથી ભિન્ન રીતના દાખલાઓ, પ્રચલિત શબ્દોને તેમની પ્રચલિતથી અલગ રીતે પ્રયોજવાના દાખલાઓ, શબ્દોને તેમના બોલીગત રૂપે પ્રયોજવાના દાખલાઓ, શબ્દોને તેમના માનભાષાગત રૂપથી અલગ રીતે પ્રયોજવાના દાખલાઓ, સંસ્કૃતવત્ દીર્ઘ સમાસયોજનાના દાખલાઓ, એવી સમાસરચનાને કારણે આલંકારિક અર્થની સિદ્ધિના દાખલાઓ, એવી અર્થસિદ્ધિ દ્વારા સધાતા અર્થગત વિચલનના દાખલાઓ, પ્રચલિત સમાસોને વિગ્રહીત પદોને રૂપે પ્રયોજવાના દાખલાઓની

સવિસ્તર ચર્ચા કરવાનું અહીં પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત સુંદરમ્‌ની કવિતાનાં છંદોગત વિચલનોને તપાસ્યાં છે, છંદ સાચવવા જતાં યોજાયેલા અરૂઢ પદવિન્યાસની ચર્ચા કરી છે, યથાસ્થાને એવા પદવિન્યાસની વિચારણા તેની અર્થાભિવ્યક્તિવિષયક ઉપકારકતાના સંદર્ભે પણ કરી છે. સુંદરમ્‌ની કવિતામાં જૂજ પ્રમાણમાં જોવા મળતાં ઐતિહાસિક અને રજિસ્ટરગત વિચલનોની પણ નોંધ લીધી છે.

આમ, અહીં પહેલી વાર સુંદરમ્‌ની કાવ્યબાનીને વિશેષતા અને વ્યાવર્તકતા આપનારાં ભાષાતત્ત્વોની વ્યાપક અને સ્પષ્ટ પિછાન મેળવવાનો અને એમની ઝીણવટથી સવિસ્તર છણાવટ કરવાનો પ્રયત્ન કર્યો છે.

ત્રીજા પ્રકરણમાં રજૂ કરેલા નિરંજનની કવિતાના અભ્યાસમાં, તેમની કવિતામાં પ્રયોજાયેલી વિવિધ સમાંતરતાઓની વ્યવસ્થિત અને સંપૂર્ણ ચર્ચા અહીં પહેલીવાર કરવામાં આવી છે. તેમની કવિતામાં પ્રયોજાયેલા ધ્વનિગત વિચલનના અભ્યાસને અન્વયે, તેમની કવિતામાં થયેલી પ્રાસરચનાની વિવિધ તરાહોનાં અવલોકનોને નિમિત્તે તેમની અવનવીન વિવિધ ગીતકડીરચનારીતિની વિસ્તૃત ચર્ચા કરી છે. તેમના કાવ્યગત શબ્દભંડોળના સ્વરૂપની ચર્ચા અંતર્ગત તેમણે કરેલી શાબ્દિક નવરચનાઓ, વિવિધ સમાસરચનાઓ તથા શબ્દકોટિગત વિચલનોની વીગતે વાત કરી છે. તેમણે યોજેલાં અન્વયગત વિચલનોની ચર્ચા કરતી વખતે તેમની કવિતામાં સધાતી પદરચનાનિયત અને સંદર્ભનિયત અર્થપ્રક્રિયાઓની છણાવટ કરી છે. તેમની કવિતામાંના સ્વાભાવિક તેમજ દૂરાન્વિત – એમ બન્ને પ્રકારના પદક્રમની પણ ચર્ચા કરવામાં આવી છે. તેમણે કરેલાં છંદોમિશ્રણો અને છંદોગત વિચલનોની પણ ચર્ચા કરવામાં આવી છે. તેમની કવિતામાં પદ, પદગુચ્છ, પંક્તિ, કડી – એમ વિવિધ સ્તરે, સંખ્યાબંધ સ્થળે જોવા મળતા વિરોધાત્મક અભિવ્યક્તિતરાહના વિશેષને અહીં પહેલીવાર માત્ર નિર્દેશવામાં જ નથી આવ્યો પણ વીગતે ચર્ચવામાં આવ્યો છે તથા તેની પાછળના ભાવવિશ્વગત કારણ વિશે પણ યથાયોગ્ય તર્ક રજૂ કરવામાં આવ્યો છે. તેમની કવિતાનાં લેખનગત વિચલનોની પણ નોંધ લેવામાં આવી છે.

આમ, તેમની કવિતામાં છંદોગત વિચલનો છે, અન્વયગત વિચલનો છે, અન્વયનિયત અને પદરચનાનિયત અરૂઢ અર્થાભિવ્યક્તિઓ છે, છતાં તેમની કાવ્યભાષાને કાવ્યબાનીની વિશેષતા ને વ્યાવર્તકતા આપનારું સૌથી આગળ પડતું પાસું શબ્દભંડોળને લાગતું છે એમ કહેવું પ્રાપ્ત થાય છે. નિરંજનની કવિતામાં પ્રયોજાયેલા ભાષાતત્ત્વોની અને અન્ય સહવર્તી તત્ત્વોની આ પ્રકારની સર્વાંગી તપાસ અહીં આ રીતે પહેલી વાર કરવામાં આવી છે.

ચોથા, 'જયંત પાઠકની કવિતામાં નવીકરણ, સમાંતરતા અને વિચલન' પ્રકરણમાં જયંત પાઠકની કવિતામાં દૃષ્ટિગોચર થતી વૈવિધ્યપૂર્ણ સમાંતરતાની તથા ધ્વનિગત સામ્યવૈષમ્યતાની વિવિધ ભાતોને અહીં પહેલી વાર વીગતે ચર્ચીને સાથોસાથ તેમની ચમત્કૃતિસાધકતાને પણ તપાસી છે. જયંત પાઠકની કવિતામાં જોવા મળતા સરળથી માંડીને સંકુલ સુધીના નવીકરણની, બોલચાલની ભાષાથી માંડીને રૂઢ કાવ્યોચિત બાની સુધીના ભાષાપટની, છંદોબદ્ધથી અછાંદસ સુધીના વ્યાપક ફલકની અહીં નોંધ લીધી છે. જયંત પાઠકના કાવ્યગત શબ્દભંડોળની ખાસિયતો દર્શાવીને તેમની કવિતામાંના સમાસરચનાના વૈવિધ્યને, એ સમાસરચનાની પ્રક્રિયાને અને તેમના સમાસોની અર્થવિલક્ષણતાને ઉપસાવી આપીને તેમની શાબ્દિક નવરચનાઓની, તેમણે કરેલાં શબ્દકોટિગત વિચલનો તથા તેમણે કરેલા વિશિષ્ટ ક્રિયાપદપ્રયોગોની છણાવટ કરી છે. તેમની કવિતામાં પ્રયુક્ત થયેલાં પદક્રમની તથા અન્વયગત વિચલનોની ચર્ચા કરતી વખતે તેમની અર્થસૌંદર્યસાધકતાને તથા કાવ્યોપકારકતાને પણ વિશેષતઃ ઉપસાવી આપી છે. તેમની સાદાવાક્યરૂપ લાગતી પંક્તિઓ કેવી રીતે સંકુલ સંવેદનોની અભિવ્યક્તિનું રૂપ પામે છે, તેમનાં પંક્તિ-વિનિયુક્ત પદો કેવી રીતે પરસ્પર અર્થબદલો સાધે છે તે પણ અહીં દર્શાવ્યું છે. તેમનાં છંદોગત તથા ઐતિહાસિક વિચલનોની પણ અહીં નોંધ લીધી છે. જયંત પાઠકની કવિતામાં પ્રયુક્ત ભાષાતત્ત્વોનો આ આ પ્રકારનો સર્વગ્રાહી અભ્યાસ અહીં પહેલી વાર પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

આ અભ્યાસ દ્વારા એવું નિરીક્ષણ કરવાનું પ્રાપ્ત થાય છે કે કાળક્રમે આગળ વધતી ગુજરાતી કવિતામાં ભાષાકર્મનાં વ્યાપ અને વૈવિધ્ય વધતાં ગયાં છે. ગુજરાતી કાવ્યબાની મહદંશે માત્ર શાબ્દિક વિચલનો અને શબ્દભંડોળના સ્તરે જ વિશેષતા અને વ્યાવર્તકતા દેખાડવાને બદલે, તદુપરાંત, અન્વયગત વિચલનો તથા તદનુષંગી અર્થગત વિચલનો અને અરૂઢ અર્થવિવક્ષાઓની દિશામાં પહેલાંથી વધુ ગણનાપાત્ર આધિક્ય સાથે વિકસી છે. તેણે એ વિકસિત શૈલીતત્ત્વોની સાથે સાથે તેમના કાવ્યોપકારકતાના ગુણને સાચવ્યો છે. તેથી જ તે પ્રકારની ચર્ચાનો અવકાશ આગલા કવિઓના કરતાં જયંત પાઠકની કવિતાની ચર્ચામાં સવિશેષ રહ્યો છે. અહીં પસંદ થયેલા કવિક્રમમાં જયંત પાઠકની કવિતા એ રીતે એક નોંધપાત્ર સ્થિત્યંતર પૂરું પાડે છે.

'રાવજીની કવિતામાં નવીકરણ, સમાંતરતા અને વિચલન' નામક પાંચમાં પ્રકરણમાં રાવજીની કવિતામાં ભિન્નભિન્ન પ્રકારે સધાયેલી સમાંતરતાની વીગતે ચર્ચા કરી છે. તેનાં વિભાષીય શાબ્દિક વિચલનોની તથા શબ્દકોટિગત વિચલનોની ચર્ચા કરવાની સાથે તેના નવરચિત શબ્દોની અને સમાસોની વૈવિધ્યપૂર્ણ

રચનાપ્રક્રિયાને સ્પષ્ટ કરી આપી છે, તેમ જ એ સમાસોને તેમના દ્વારા સધાતાં કલ્પનયોજના, મૂર્તીકરણ, ઇન્દ્રિયવ્યત્યય વગેરેના સંદર્ભે તપાસ્યા છે. તેમનો કાવ્યગત પદક્રમ ક્યારેક કેવળ છંદોલયાનુકૂલન માટે તો ક્યારેક વિસ્મયકારક રીતે જિજ્ઞાસાવિલંબન, દશ્યાંકનાનુકૂલન કે વીક્ષણક્રમાનુસરણ માટે કાવ્યોપકારકપણે વ્યસ્ત કે સાર્થકપણે વ્યુત્ક્રમિત બનતો જણાયો છે. જો કે એવો વ્યુત્ક્રમ ક્યારેક અર્થબોધાવરોધક બનતો પણ જણાયો છે. પદો વચ્ચેના અર્થગત અને વ્યાકરણગત સંબંધની દૃષ્ટિએ વૈવિધ્યપૂર્ણ બનતાં તેમનાં અન્વયગત વિચલનોને અલંકારસાધકતા, અર્થચમત્કૃતિસાધકતા, કાવ્યોપકારકતાની દૃષ્ટિએ ચકાસ્યાં છે. તદનુષંગે તેમના દ્વારા સધાતાં અર્થગત વિચલનોની પણ ચર્ચા કરી છે. તેમની કવિતામાંનાં છંદોગત વિચલનો, એવાં વિચલનોની સાર્થકતા, અરૂઢ કડીયોજના, ધ્રુવપંક્તિના પુનરાવર્તનની વિલક્ષણતા, ગદ્યલય સાથે પદ્યલયનો વણાટ વગેરેની ચર્ચા પણ કરી છે. અંતમાં, તેમનાં બોલીગત, લેખનગત, રજિસ્ટરગત તથા ઐતિહાસિક વિચલનોની પણ અભ્યાસપૂર્ણ નોંધ લીધી છે. રાવજીની કવિતામાં પ્રયુક્ત ભાષાતત્ત્વોની અને તેમની કાવ્યોપકારકતાની આટલી વ્યાપક અને સર્વાંગીણ ગવેષણા અહીં આ રીતે પહેલીવાર કરવામાં આવી છે.

અહીં લીધેલાં કવિક્રમ પ્રમાણે વિચારતાં રાવજીની કવિતા સુધી આવતામાં ગુજરાતી કવિતામાં ભાષાકર્મનાં વ્યાપ, વૈવિધ્ય અને ઊંડાણ સાનંદાશ્ચર્ય રીતે ખાસ્સો વિસ્તાર પામતાં વરતાય છે. રાવજીની કાવ્યબાનીની વિશેષતાની ઓળખ તેના કાવ્યગત સાદા શબ્દભંડોળમાં મહદંશે પુરાઇ રહેવાને બદલે તેનાં શબ્દગત, સમાસરચનાગત, અન્વયગત, અર્થગત તથા બોલીગત વિચલનો દ્વારા સવિશેષરૂપે પ્રગટ થાય છે. આ પ્રકારનાં ભાષાતત્ત્વોની ગવેષણાનાં પરિમાણો પણ અહીં અગાઉ ચર્ચેલા કવિઓની કવિતા કરતાં રાવજીની કવિતામાં વધુ સંવૃદ્ધ સ્વરૂપે ઊઘડતાં વરતાય છે. વળી, ભાષાસામગ્રીની તપાસ કાવ્યગુણની તપાસની પ્રવર્તક, સહાયક બની શકે છે એવી પ્રતીતિ પહેલાં સ્થિર થવા આવેલી તે હવે દૃઢ બનતી અનુભવાય છે.

છઠ્ઠા પ્રકરણમાં રજૂ કરેલા રમેશ પારેખની કવિતાના અભ્યાસમાં, તેમનાં કાવ્યોમાં દૃષ્ટિગોચર થતી વિવિધ પ્રકારની સમાંતરતાની પ્રયુક્તિની વિશદ છણાવટ અહીં પહેલીવાર કરવામાં આવી છે. તેમની કવિતામાં યોજાયેલા ધ્વનિગત વિચલનના ગણ્યાગાંઠ્યા પ્રયોગોની ચર્ચા અન્વયે, એમણે કરેલ ચમત્કૃતિપૂર્ણ ધ્વનિયોજનાની વિસ્તૃત ચર્ચા કરી છે. કવિનાં શબ્દગત વિચલનોને ચર્ચતી વખતે, કવિએ છૂટે હાથે અરૂઢ રીતે પ્રત્યયોનો વિનિયોગ કરીને, અરૂઢ સમાસરચના કરીને

એકના એક પ્રચલિત શબ્દને વિવિધ ઉત્તરપદો કે પૂર્વપદો લગાડીને, પ્રચલિત શબ્દોના સાદૃશ્યથી પ્રેરાઇને, પ્રચલિત શબ્દને વિભાષીય પૂર્વગ કે પ્રત્યય લગાડીને નવા શબ્દો બનાવ્યા હોય તેવા સંખ્યાબંધ દાખલાઓ તેમની રચનાપ્રક્રિયા અને અર્થનિષ્પત્તિની સ્પષ્ટતા સાથે તપાસ્યા છે. એમનાં શબ્દકોટિગત વિચલનોને અને વિભાષીય શાબ્દિક વિચલનોને પણ અહીં અનેક ઉદાહરણો દ્વારા ચર્ચવામાં આવ્યાં છે. કવિએ યોજેલાં અન્વયગત વિચલનોની તપાસને અનુષંગે વિવિધ પદાન્વયોની અંતર્ગત પદો-પદો વચ્ચેના અરૂઢ વ્યાકરણગત અને અર્થગત સંબંધો તપાસીને એમના દ્વારા સધાયેલા અર્થગત વિચલનને પણ વીગતે ચર્ચ્યું છે. અને તેમનાં રજિસ્ટરગત વિચલનો, વિભાષીય વિચલનો, ઐતિહાસિક વિચલનો અને સંખ્યાકીય વિચલનો પણ સોદાહરણ ચર્ચવામાં આવ્યાં છે. રમેશ પારેખની કવિતામાં પ્રયોજાયેલાં ભાષાતત્ત્વોની સર્વાંગી નિરીક્ષા દ્વારા તેમનાં કાવ્યોમાં રહેલી કાવ્યાત્મકતાની તપાસ વિશદતાથી કરવાનો આ રીતે અહીં સૌ પ્રથમવાર પ્રયત્ન થયો છે.

રમેશ પારેખની કવિતામાં પણ રાવજીની કવિતાની જેમ વિપુલ માત્રામાં નવીકરણ સધાયેલું જોવા મળે છે પણ એ નવીકરણની તાસીર રાવજીના નવીકરણની તાસીરથી સાવ નોખી પડી જાય છે. આ તાસીર કવિની ભાષાલક્ષી સર્જકતાની સાક્ષી પૂરે છે. રમેશ પારેખે ભાષાતત્ત્વોનો વિચલિત વિનિયોગ અર્થહીન શૈલીવેડા માટે કર્યો નથી, ભાષાનાં નખરાં માટે કર્યો નથી પણ પોતાનાં કાવ્યસમગ્રની કાવ્યત્વસિદ્ધિની અનિવાર્ય આવશ્યકતાને અનુસરીને કર્યો છે. આમ એમની કવિતાનું શૈલીપાસું તેમની કવિતાનું અવિયોજ્ય પાસું બની રહેતું હોવાની પ્રતીતિ થાય છે.

ઉપસંહારમાં આ સમગ્ર અભ્યાસને આધારે કેટલાંક સર્વગ્રાહી નિરીક્ષણો નોંધ્યા છે. અહીં પસંદ થયેલા કવિઓની કવિતાના અભ્યાસ દ્વારા એ તારવી શકાયું છે કે ગુજરાતી કવિતામાં કાળક્રમે નવીકરણની પ્રયુક્તિઓમાં વૈવિધ્ય, વ્યાપ અને ઊંડાણ પ્રગટતાં રહ્યાં છે. વળી કાવ્યવિવેચનના ક્ષેત્રમાં મહદંશે એવી માન્યતા પ્રવર્તતી જોવા મળે છે કે ભાષાલક્ષી અભિગમ કૃતિનાં ભાષાતત્ત્વોની ઓળખ આપીને અને તેમને પૃથગ્પણે દર્શાવીને રહી જાય છે, પરંતુ, પસંદગીના કવિઓની કવિતાની ભાષાવૈજ્ઞાનિક ઉપકરણોની મદદથી અહીં રજૂ થયેલી તપાસને આધારે એ સ્પષ્ટ થાય છે કે કૃતિનાં ભાષાતત્ત્વોની તપાસ પણ કૃતિની કાવ્યાત્મકતાને પારખવામાં અને મૂલવવામાં ઘણી અગત્યની તો બને જ છે, બલ્કે કાવ્યત્વનાં વિવિધ પાસાંઓને પ્રત્યક્ષ કરવા માટેના નક્કર આધારો ઊભા કરી આપે છે. અહીં પસંદ થયેલા કવિઓમાંથી સુન્દરમ, નિરંજન ભગત અને જયંત પાઠક એવા કવિઓ છે એમની પાસે કાવ્યસિદ્ધાન્તોનું

શાસ્ત્રીય જ્ઞાન ઉપલબ્ધ હતું. આમ છતાં આ કવિઓ ભાષાની કાવ્યોપકારક ક્ષમતાઓને અમુક હદથી આગળ વધીને તાગી શકતા નથી. જ્યારે રાવજી અને રમેશ પારેખ પાસે એવું શાસ્ત્રીય જ્ઞાન ન હોવા છતાં એમની માધ્યમસૂઝ ભાષાની અભિવ્યક્તિક્ષમતાઓને કાવ્યોપકારક રીતે તાગવાની બાબતે અભિનવ ક્ષિતિજોને સર કરે છે. ભાષાવિષયક સંવેદનશીલતા ભાષાસાહિત્યના શાસ્ત્રીય જ્ઞાન દ્વારા કેળવાવી બહુધા શક્ય નથી એ તો પ્રતિભાદત્ત છે. એટલે જ વિદ્વત્તા ધરાવતા કવિઓમાં ભાષાની ક્ષમતાઓને સંવેદવાની અને પિછાનવાની શક્તિ શાસ્ત્રજ્ઞાનથી પણ ન ઊઘડી જ્યારે જેમની પાસે એવી વિદ્વત્તા નથી એવા કવિઓમાં એ શક્તિ તેમના પ્રતિભાબળે નૈસર્ગિક રીતે ઊઘડી અને એના દ્વારા તેઓ પોતાની કવિતાને ભાષાપરક કાવ્યગુણનું વિશેષ પરિમાણ પ્રાપ્ત કરાવી શક્યા.

કેટલાક પારિભાષિક શબ્દોના ઉપલબ્ધ પર્યાયો મારી ચર્ચામાં ઉપયોગી લાગ્યા નહીં હોવાને કારણે અને કેટલાંક અંગ્રેજી પારિભાષિક શબ્દોના પર્યાયો ગુજરાતીમાં ઉપલબ્ધ નહીં હોવાને કારણે મારે એમને માટે નવા પર્યાયો યોજવા પડ્યા છે. એ પર્યાયો આ પ્રમાણે છે : 'અચલક', 'ચલક', 'અચલાંશ', 'ચલાંશ', 'પદાર્થશબ્દ', 'વિભાવનાશબ્દ', 'પ્રબુદ્ધીકરણ', 'શબ્દકોષીય અવકાશ', 'સંબોધક', 'સંબોધિત', 'સ્વયંપ્રવર્તન', 'નિસ્વયંપ્રવર્તન', 'વિપરિચાયન', 'ક્રમક', 'ગણક', 'ગૌણિકતા', 'ચરિતાર્થતા', 'ગ્રંથિસ્થાન', 'સંતુલ્યતા', 'ધ્વનિગત સંતુલ્યતા', 'સંરચનાગત સંતુલ્યતા', 'વ્યાકરણગત સંતુલ્યતા', 'પદસંખ્યાગત સંતુલ્યતા', 'પદક્રમગત સંતુલ્યતા', 'ક્રમાવસ્થાગત સંતુલ્યતા', 'તુલનાક્ષમ સંતુલ્યતા', 'સ્થાનગત સંતુલ્યતા', 'અર્થગત સંતુલ્યતા', 'સંપર્કલક્ષી ભાષા', 'સંદર્ભલક્ષી ભાષા', 'સંકેતક', 'સંકેતન', 'સંકેતિત', 'રોજિંદીવાણી', 'સર્જનાત્મકવાણી', 'આંતરિક વિચલન', 'બાહ્યવિચલન', 'ધ્વનિગત વિચલન', 'શબ્દગત વિચલન', 'નવરચનાગત શાબ્દિક વિચલન', 'શબ્દાંગગત શાબ્દિક વિચલન', 'વિભાષીય શાબ્દિક વિચલન', 'વ્યાકરણગત વિચલન', 'શબ્દકોટિગત વિચલન', 'અન્વયગત વિચલન', 'વિભાષીય વિચલન', 'ઐતિહાસિક વિચલન', 'લેખનગત વિચલન', 'છંદોગત વિચલન', 'સંખ્યાકીય વિચલન', 'નવીકરણ', 'ગણઘટક', 'ક્રમઘટક' વગેરે.